ગાંધીનગર સમાચાર
તા. ૧૫-૭-૨૦૧૩, સોમવાર

## તંત્રી સ્થાનેથી.....

# બોલીવુડ 'નિષ્પ્રાણ' બને છે ત્યારે

છેલ્લા કેટલાક વખતથી ભારતીય સિને જગતમાંથી એક પછી એક સિતારા ખરવા લાગ્યા છે. છેલ્લે જે મહાન ખલનાયકે ત્રાણું વર્ષ અને ચાર માસ જેટલું દીર્ઘ આયુષ્ય ભોગવી આ ફાની દુનિયાની વિદાય લીધી તે પ્રાણ એમની દંતકથા રૂપ કારકિર્દીમાં ખતરનાક ગુંડા માણસનો પર્યાય બની ગયા હતા. અંગત જીવનમાં અત્યંત ઉમદા અને સંવેદનશીલ એવા આ પંજાબી અભિનેતાએ પ્રેક્ષકોના હૃદયમાં એવી ઊંડી ધાક જમાવી દીધી હતી કે લોકોએ એમનાં બાળકોનાં નામમાં જ્યાં પણ 'પ્રાણ' શબ્દ આવતો હતો તે બદલી નાખ્યો હતો. નવાં જન્મેલાં બાળકોનું જેમ કોઈ 'રાવણ' નામ નથી પાડતું તેમ અમુક વિસ્તારોમાં આ 'પ્રાણ'નામ પર આપોઆપ પ્રતિબંધ મુકાઈ ગયો હતો. એક અભિનેતા એના ખલ પાત્ર સાથે ઓતપ્રોત થઈ એની કેવી દૂરોગામી અસર ઊભી કરી શકે છે તેનું કદાચ દુનિયામાં દીવો લઈને શોધવા નીકળતાં પણ જડવું મુશ્કેલ એવું એભિનેતા પ્રાણનું કામ રહ્યું છે. ચારસો જેટલી ફિલ્મોમાં અભિનયનાં ઓજસ પાથરી ચૂકેલા પ્રાણે સ્વપ્ને પણ નહોતું વિચાર્યું કે પોતે દુનિયાના મહાન અને યાદગાર 'સુપર સ્ટાર' બની શકશે, તે પણ ખલનાયક જેવો નેગેટિવ રોલ કરીને. એ તો ફોટોગ્રાફર બનવા માગતા હતા, પરંતુ નિયતિએ એમને 'એન્ટી હીરો'ના વિશિષ્ટ બીબામાં ઢાળવાનું નક્કી કર્યું હતું. પ્રાણની એન્ટ્રી જ એવી રોમાંચક અને દિલધડક રહેતી કે હીરોના પ્રવેશથી ન પડે એટલી તાલીઓ પડદા પર ખલનાયકનો પગરવ સાંભળતાં પડવા લાગતી. આ મહાન અભિનેતાએ ત્રણ ત્રણ પેઢીઓના કલાકારે સાથએ કામ કરીને ગજબની હેટ્રિક લગાવી છે. દિલીપકુમારથી લઈ અમિતાભ બચ્ચન સુધીના મહાનાયકોને એમણે અક્ષરશઃ થથરાવ્યા છે. સ્ક્રિપ્ટ લેખકોને ખાસ સૂચના આપવી પડતી કે પ્રાણનું પાત્ર એટલી હદે બળૂકું ન બની જાય એનું ધ્યાન રાખે. તેમ છતાં પ્રાણ એમની વિશિષ્ટ કોઠાસૂઝ અને ડાયલોગ ડિલીવરી દ્વારા છવાઈ જતા અને હીરો એમની આગળ વખત પૂરતો ઝાંખો લાગતો. 'જંજીર' ફિલ્મ આવી ત્યારે અમિતાભ બચ્ચન હજી નવાસવા અભિનેતા હતા. સિનેમા થિયેટરો પર જે ભીડ ઊમટી હતી તે પ્રાણને જોવા માટે ઊમટેલી. 'ઉપકાર'માં લંગડા મલંગ ચાચાનો રોલ કરીને પોતાની અભિનય શક્તિનો જબરદસ્ત પરચો બતાવી દીધો હતો. પ્રાણ આટલો ઉત્તમ ચરિત્ર અભિનેતાનો પાઠ પણ ભજવી શકે તે પ્રેક્ષકો માટે આશ્ચર્ય અને મીઠા આઘાત જેવી ઘટના હતી. 'કસ્મે વાદે પ્યાર વફા સબ બાતેં હૈ બાતોંકા કયા?'- એ ગીત હિન્દી સિને જગતનું યાદગાર ગીત બની રહ્યું છે. એ વૈરાગ્ય પ્રેરક ગીત આટલાં વર્ષો પછી પણ શ્રોતાઓનાં દિલ ડોલાવી દે છે. પ્રાણની આ બહુમુખી પ્રતિભાનાં પોંખણાં ઘણાં મોડાં થયાં. એમને પદ્મભૂષણ એવોર્ડ એનાયત કરાયો અને છેલ્લે સિનેજગતનો સર્વોચ્ચ 'દાદા સાહેબ ફાળકે' એવોર્ડ પણ અપાયો, પરંતુ ત્યારે ઘણું મોડું થઈ ચૂક્યું હતું. બેકદરદાન દુનિયાનો પ્રાણને પરચો મળી ચૂક્યો હોઈ એ એવોર્ડ સ્વીકારતી વેળાએ એમના વયોવૃદ્ધ ચહેરા પર ગમ કે ખુશી-કશું જ નહોતું વરતાયું. પ્રાણની અંત્યેષ્ટિમાં પણ એમની સદંતર ઉપેક્ષા થઈ. અમિતાભ અને ગુલઝારની હાજરીથી બાંધી મૂઠીનો ભ્રમ ભલે સચવાયો હોય પરંતુ આવા મહાન ભારતીય કલાકારને લાયક એવી એ અંતિમ વિદાય નહોતી, એટલું તો હરકોઈએ કબૂલવું જ રહ્યું.

# સેંટ ઝેવિયર્સ નાઈન્ટીના વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજાયું



ગાંધીનગર, તા.૧૪

સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં ૧૯૯૦માં અભ્યાસ કરી ચૂકેલા વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથેનું સ્નેહ મિલન તાજેતરમાં ઈન્ફોસિટી કલબ હોલ ખાતે હર્ષોલ્લાસપૂર્વક યોજાયું હતું. ગુજરાતના વિવિધ શહેરોમાં અને અન્ય રાજયો તથા વિદેશમાં વસતા સહઅભ્યાસીઓ ઈમેલ, ફેસબુક, ફોન, ટવીટર દ્વારા જોડાયા હતા અને એકબીજાના સંપર્કમાં રહી ગાંધીનગરના આંગણે સહર્ષ મળી જૂના સંસ્મરણો તાજા કર્યા હતાં.

ગાંધીનગર શહેરની જાણીતી શિક્ષણ સંસ્થા સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં ૧૯૯૦માં ધો-૧૨ પાસ કરી ચૂકેલા વિદ્યાર્થીઓનો અને શિક્ષકોનો ગેટ ટુ ગેધર કાર્યક્રમ ખૂબ ઉલ્લાસપૂર્વક ઉજવાયો.

ખૂબ વરસતા વરસાદમાં બેંગલોર, મુંબઈ, વડોદરા અને અમદાવાદ તથા ન્યુજર્સીથી આવેલ બધા વિદ્યાર્થીઓ પોતાના પરિવાર સાથે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આનંદની વાત એ હતી કે પોતાના બધા શિક્ષકોને તેઓએ આ કાર્યક્રમમાં આમંત્રણ આપ્યું હતું અને તેમને લાવવા મૂકવાની વ્યવસ્થા સાથે એટલે તો વડોદરાથી અને અમદાવાદથી પણ રિટાયર્ડ શિક્ષકો આ કાર્યક્રમમાં જોડાઈ શકયા અને શોભામાં કલગી સમા ઘણા ખરા વિદ્યાર્થી પોતાના માતાપિતાને પણ સાથે લાવ્યા હતાં.

કેટલાક વિદ્યાર્થીઓ તો એકબીજાને ૨૨થી ૨૩ વર્ષ પછી મળતા હતા. તેઓના મુખ પરનો આનંદ, વિસ્મય, ઉલ્લાસ, રોમાંચ જોઈને સૌ શિક્ષકો આનંદ પામ્યા હતા. આ વિચાર અમેરિકા બેઠા બેઠા આ બેચના દુષ્યંત શાહને આવ્યો તેણે પોતાના ત્રણ ચાર મિત્રોને વાત કરી ૨૦૧૦માં પણ આ શકય ન બન્યું અને અંતે ફરી તે અમેરિકાથી ગાંધીનગર આ વખતે આવ્યો ત્યારે તેનો પ્રયાસ સફળ બનાવવામાં સુભેષ, રૂચિર, ફ્રાંન્સીસ, વિપુલ, સુનિલ, હીરેન અને તેજલ જેવા મિત્રોએ સાથ આપ્યો અને સૌ ભેગા થયા. વિદ્યાર્થીઓ પોતાનો પરિચય આપતા હતા ત્યારે તેઓ શાળા જીવનના પોતાના શિક્ષકો સાથે તથા મિત્રો સાથેના પ્રસંગોને યાદ કરીને ગદ્ગદીત થઈ જતા હતા. તનથી દૂર પણ મનથી એક એવા સૌ મિત્રોએકબીજાને મળી ખૂબ આનંદ પામ્યા હતા. સૌએ પોતાના પ્રસંગમાં એક વાત જરુર કહી કે આજે દરેકે પોતાના જીવનમાં જે ઉપલબ્ધિ હાંસલ કરી છે તેમાં શાળા જીવનનો અને તેમાંય શિક્ષકોનો ખૂબ મોટો ફાળો છે.

વિદ્યાર્થીઓએ આ સ્નેહમિલનમાં શાળાના પ્રિન્સિપાલ ફાધર હેકટરનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. સૌ શિક્ષક મિત્રો વતી શૈલેષ પંડયા, ઉષાબેન બુચ, કુન્દનબેન દવે, તેજલબેન બુચ, અને વીણાબેન વોરાએ પણ સૌને આશિષ વચનો દ્વારા જીવનમાં વધુને વધુ તેઓ પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવી હતી. આ જ બેચની એક વિદ્યાર્થીની જ્યોત્સના જે આ જ શાળામાં શિક્ષિકા છે અને જેના હાથ નીચે એની સાથે ભણેલા ઘણા મિત્રોના દિકરા-દીકરીઓ હાલ ભણી રહ્યા છે તે વાતથી સૌ હર્ષિત બન્યા હતા. સૌ એ બાળકો સાથે મળીને ડીજે ડાન્સ પાર્ટી પણ કરી તેમાં વિદ્યાર્થીઓ તેમના બાળકો સાથે મન મૂકીને નાચ્યા હતા.

આ પ્રસંગે ટેકસા **(TEXA-G The Ex. Xevierites Association, Gandinagar)** વિષે પ્રમુખ સુકેતુ મહેતા, થાનકી કેદાર અને સેમ્યુઅલ ક્રિશ્ચિયને સૌ વિદ્યાર્થીઓને જાણ કરી થતા તેના સભ્ય બનવાની હિમાયત કરી હતી. જેના કન્વીનર ઝેવિયર્સ સ્કુલના પ્રિન્સિપાલ ફાધર હેકટર છે.

છેલ્લે સૌ ડીનર માટે ભેગા થયા ત્યારે એક પરિવારનો કોઈ પ્રસંગ ઉજવાઈ રહ્યો હોય તેવો માહોલ જામ્યો હતો બધા હવે એકબીજાને મળતા રહીશું, કોન્ટેકટમાં રહીશું, ફોન કરીશું, એવા કોલ સાથે સુંદર સ્કુલ લોગોના મગની યાદગાર ભેટ સાથે છૂટા પડયા હતા.



# આજે કીડ ઝીમાં રેઈની ડે ઉજવાશે

ગાંધીનગર, તા.૧૪

આકાશમાં વાદળો ઘેરાયા છે અને વરસાદનો માહોલ ચોતરફ જામ્યો છે ત્યારે નાના નાના ભૂલકાઓ મૌસમની મઝા માણી શકે તે માટે કીડ ઝી સ્કૂલમાં રેઈની ડે નુ આજે સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

નાના નાના ભૂલકાઓ ચોમાસાની ઋતુને જાણે તેની મોહકતા તથા તેના મહત્વને જાણે તે માટે કીડ ઝીના આચાર્યા દ્વારા આજે રેઈની ડે નું આયોજન કરવામાં આવ્યું છે. આજે બાળકો વરસતા વરસાદની, તેની ઠંડકની અને પાણીમાં છબછબીયા કરવાની જે મઝા છે તેને ગીતો દ્વારા, ડાન્સ સાથે જોશે, જાણશે અને તેને માણશે એમ શાળા સંચાલકે જણાવ્યું છે.

# ડિપ્લોમા ઈજનેરના વિદ્યાર્થીઓ જોગ

ગાંધીનગર, તા.૧૪

ઈજનેરી ક્ષેત્રમાં પોતાની કારકિર્દી ઘડવા માંગતા ધોરણ-૧૦ના જે વિદ્યાર્થીઓએ ડિપ્લોમામાં પ્રવેશ માટેના ફોર્મ ભર્યા હોય તેઓની કાયમી પ્રવેશ કાર્યવાહી ચાલુ છે. જે વિદ્યાર્થીઓનો પ્રવેશ કાયમી કરવાનો બાકી હોય તેઓએ આજે ૧૫મી જુલાઈ સુધીમાં સંસ્થાના એકાઉન્ટમાં લોગઈન કરી ચલન લઈ પંજાબ બેંકમાં ફી ભરવાની રહેશે.

ધોરણ-૧૦ પછીના ડિપ્લોમાં ઈજનેરીમાં પ્રવેશ માટેના પ્રથમ રાઉન્ડમાં મળેલ પ્રવેશ કાયમ કરવા માટેની છેલ્લી તારીખ ૧૫ જુલાઈ ૨૦૧૩ છે. જે વિદ્યાર્થીઓને પ્રવેશ કાયમ કરાવવાનો બાકી હોય તેઓએ આજે તા. ૧૫ જુલાઈ ૨૦૧૩ના રોજ **www.gujdiploma.nic.in** ના એકાઉન્ટમાં લોગઈન થઈ ફીનું ચલન તથા ઈન્ફોર્મેશન લેટરની પ્રિન્ટ કાઢી, પંજાબ નેશનલ બેંક ખાતે ફી ભરી દેવી. ત્યારબાદ ફીનું ચલન, ઈન્ફોર્મેશન લેટર તથા જરુરી દસ્તાવેજો લઈ નજીકના હેલ્પસેન્ટર ખાતે જઈ એડમિશન સ્લિમ કઢાવી લેવી. વિદ્યાર્થીઓને સાંજના ૫-૦૦ કલાક સુધીમાં પ્રવેશ કાયમ કરવા જણાવવામાં આવે છે.

પ્રથમ રાઉન્ડમાં ફાળવેલ ૫૪,૫૧૬ બેઠક પૈકી આજ દિન સુધી ૩૧,૬૨૩ ઉમેદવારોએ પ્રવેશ કાયમ કરાવવાની કાર્યવાહી પૂર્ણ કરી એડમિશન સ્લીપ મેળવેલ છે.

# પ્રેરણા વિદ્યાલયમાં લાયન્સ કવેસ્ટ સેન્ટરનો શુભારંભ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરની જાણીતી સંસ્થા પ્રેરણા વિદ્યાલયમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ નવા સત્રથી લાયન્સ કવેસ્ટ સેન્ટરનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

લાયન્સના પ્રમુખ આરતીબેન ભટ્ટ અને પ્રેરણા વિદ્યાલયના આચાર્યા સ્વતિબા રાઓલના સંયુકત સહકારથી તરુણાવસ્થામાં અનુભવાતા પ્રશ્નો અને તેની સમસ્યા સામે લડવાનું જીવંત શિક્ષણ આપતો ટ્રેનિંગ કાર્યક્રમ શિક્ષકો માટે યોજાશે. બે ત્રણ દિવસની તાલીમ બાદ શિક્ષકો શાળાના તરુણોને આ ટ્રેનિંગ આપશે. પ્રાથમિક વિભાગ અને માધ્યમિક વિભાગમાંથી એક એક શિક્ષક અમદાવાદ તાલીમ માટે જશે. તાલીમ લઈને શાળાના તરુણોને તાલીમ આપશે એમ લાયોનેસ કલબના પ્રમુખ દ્વારા જણાવાયું છે. આ પ્રસંગે અમદાવાદ લાયોનેસ કલબના પૂર્વ પ્રમુખો તથા સભ્યો, હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# વ્રતની બહેનો માટે ૨૦મીએ સ્પર્ધા યોજાશે

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા પરંપરાગત ગૌરીવ્રત અને જયાપાર્વતી વ્રત નિમિત્તે વિવિધ સ્પર્ધાઓનું આયોજન ૨૦મી જુલાઈએ બપોરે ૨ કલાકે બ્રહ્મભવન, રંગમંચ સામે, સેકટર-૧૬, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

૫ થી ૧૫ વર્ષની બાળાઓ માટે એકપાત્રીય અભિનય અને ૧૬ વર્ષથી ઉપરની બહેનો માટે મહેંદી અને પૂજાની થાળીની સુશોભન સ્પર્ધા યોજાશે. ભાગ લેવા ઈચ્છતી બાળાઓ કે બહેનોએ કુ. અંજના ગોર પ્લોટ નં. ૧૨૫/૨, સેકટર-૬-બી, ફોન નં. ૨૩૨-૪૮૪૩૩ અથવા આશાબેન ભટ્ટ, ૯, તેજસ સોસાયટી, સેકટર-૨૩, ફોન નં. ૨૩૨-૨૫૬૫૬ અથવા જ્ઞાનદેવીબેન ઉપાધ્યાયનો પ્લોટ નં. ૪૯૭/૨, સેકટર-૫-એ, ગાંધીનગરનો ફોન નં. ૨૩૨-૪૧૪૫૨ પર સંપર્ક કરી નામ નોંધાવવા જણાવાયું છે.

# ઓરાણ હાઈસ્કૂલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



પ્રાંતિજ તાલુકાની શેઠ એમ.કે. ઓરાણ ગ્રુપમાં શાળાના પટાંગણમાં શાળાના સમગ્ર પરિવાર દ્વારા એક વિશિષ્ટ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત સૌ પ્રથમ વૃક્ષનું જતન અને મહત્વ વિશે શાળાની વિદ્યાર્થીનીએ પોતાની આગવી શૈલીમાં વક્તવ્ય રજૂ કર્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી નટુભાઈ પટેલે વૃક્ષારોપણ વિશે વિવિધ મુદ્દા સહિત સમજુતી આપી હતી. ત્યાર બાદ શાળાના તમામ વિદ્યાર્થી તથા શિક્ષકોએ ગ્રુપ પ્રમાણે વૃક્ષારોપણ કરી વૃક્ષના જતન વિશે સંકલ્પો લીધા હતા.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# રાયફલ ટ્રેનિંગ એસોસિએશને શાળા કોલેજોમાં રાયફલ શુટીંગ શરૂ કરવા સંસ્થાઓને આમંત્રી

ગાંધીનગર, તા. ૧૪

ધ અમદાવાદ મિલિટરી એન્ડ રાયફલ ટ્રેનિંગ એસોસિએશનના ઓનરરી જનરલ સેક્રેટરી ડૉ. સૌરભ ચોકસી અને કન્વીનર એન્જિનિયર નરેન્દ્રભાઈ ઓઝાએ એક સંયુક્ત યાદીમાં જણાવ્યું છે કે રાયફલ શુટીંગ રમતની શાળા, કોલેજ, સંસ્થા કે કલબમાં શરૂ કરવા માંગતા સભ્યોએ પોતાની અરજી રાયફલ કલબ, ધ અમદાવાદ મિલિટરી એન્ડ રાયફલ ટ્રેનિંગ એસોસિએશન, મિલિટરી એજ્યુકેશન કેમ્પસ ખાનપુર, ગાંધીબ્રીજ અમદાવાદને પત્ર દ્વારા કરવી.

નિશાનેબાજી (રાયફલ શુટીંગ) એ પ્રતિષ્ઠિત, રોયલ, રાજા રજવાડાની, શૌર્યભરી અને ગર્વ લેવા ઉપરાંત રક્ષણ માટેની ઉપયોગી તથા થોડા દિવસમાં શીખી, ફક્ત એક જ વર્ષમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનો રમતવીર બની પોતાની સાથે પોતાની સંસ્થાની પ્રતિષ્ઠામાં વધારો કરે તેવી રમત છે. જેને ભારત સરકારે માન્ય અને અગ્ર હરોળની રમત ગણી શાળા, કોલેજ વગેરે માટે પણ રાષ્ટ્રકક્ષાની રમત તરીકે માન્ય રમતોમાં સમાવેશ કરેલ છે. આ રમતથી શિસ્ત અને એકાગ્રતા વધે છે જે યુવા અને વિદ્યાર્થી જીવન માટે ખુબજ ઉપયોગી છે જેનાથી વિદ્યાર્થીઓ ભણવામાં હોંશીયાર બને છે. અજયભાઈ પટેલ, ઉપપ્રમુખ ધી નેશનલ રાયફલ એસોસીએશન ઓફ ઈન્ડીયાની ગાઈડ લાઈન મુજબ જે કોઈ શાળા, કોલેજ, સંસ્થા, કલબ, એસોસીએશન વગેરે પોતાને ત્યાં નિશાનેબાજી રમત શરૂ કરવા માંગતા હોય તેઓએ પત્ર દ્વારા એન્જિનિયર નરેન્દ્રભાઈ ઓઝા કન્વિનર, રાયફલ કલબ, ધી અમદાવાદ મીલીટરી એન્ડ રાયફલ ટ્રેનિંગ એસોસીએશન, મીલીટરી એજ્યુકેશન કેમ્પસ, ખાનપુર, ગાંધીબ્રીજ, અમદાવાદ ખાતે પત્ર દ્વારા સંપર્ક સાધવો એમ જણાવાયું છે.

# જયારે પતિ અને પત્ની કોઇ પણ કારણસર એકબીજાથી છૂટા પડે ત્યારે બાળકોનું હિત કયાં સમાયેલું છે તેવી શું કાયદામાં જોગવાઇ છે?

## મહિલા સમાજ અને કાયદો

- ડૉ. ભાવના કે. જોશીપુરા

મને મારી દીકરી સપનામાં આવે છે, મને મારી દીકરી કયારે મળશે? આ શબ્દો છે એક વ્યથિત માતાના. તો વળી, એક નાનકડી દીકરી રૂમી મારા જન્મ દિવસે સવારમાં મને ફોન કરીને મને જણાવે છે કે **'I miss my daddy'** 'મારે એક ભેટ જોઈએ છે, મને મારા પપ્પા સાથે મળાવી દેશો?' તો વળી, કોઈ એક દીકરી મને આવીને જણાવે છે કે '' (મને મારા પિતાની બહુ જ ખોટ સાલે છે) આ શબ્દો છે ૧૧ વર્ષની 'મિલી' કે જે પોતાની માતા સાથે રહે છે અને પિતાને ઘણાં વર્ષોથી મીલીને મળવાનું થયું નથી. ઉપરની ત્રણેય વ્યક્તિઓની વાતમાં વ્યક્ત થતી વેદના એ કોઈ માતાને પોતાની બાળકી યાદ આવે છે, તેની ચિંતા થાય છે. એ બાળકી પોતે પાછી લેવા માંગે છે. તો વળી, નાના બાળકો જે પતિ-પત્નીની તકરારને કારણે માતા પાસે છે તેઓને પોતાના પિતાની યાદ પણ આવે છે.

જયારે પતિ અને પત્ની કોઈ પણ કારણસર એકબીજાથી છૂટા પડે ત્યારે બાળકોનું હિત કયાં સમાયેલું છે તેવી શું કાયદામાં જોગવાઈ છે? માતા પિતાની દીકરીનો કબજો મેળવવા માટે શું કાર્યવાહી કરી શકે? બાળકોનું વાલીપણું અને કબજો એ માટે કાયદાકીય શું જોગવાઈ છે ચાલો આપણે સુનિલાને પોતાની દીકરી સપનામાં આવે છે તેની વાત સાથે સુનિલાની ઊભી થયેલ મૂંઝવણ સંદર્ભે તેને કાયદો કઈ રીતે મદદ કરી શકે. ખરેખર સુનિલાના જીવનમાં શું બન્યું છે? એક સમી સાંજે જયારે મારે સુનિલાને મળવાનું થયું ત્યારે...

સુનિલા સમગ્ર વ્યગ્ર છે એટલી જ મૂંઝવણમાં છે. સુનિલાને મળવાનું થયું ત્યારે પોતાની આગળની પાછળની કોઈ વાત કરતી નથી અને એક જ વાક્ય દોહરાવે છે. 'મને મારી દીકરી સપનામાં આવે છે.' વારંવાર તેને વિગતવાર વાત જણાવવાનું કહીએ તો પણ તેનાં મગજમાં એક જ વાક્ય લખાયેલું છે કે, 'મને મારી દીકરી સપનામાં આવે છે.' સુનીલાને ગમે તે પ્રશ્ન પૂછો જવાબમાં પોતાની દીકરી વિશે જ જણાવે છે. વાત માત્ર એક સુનીલાની નથી પરંતુ જયારે પણ કોઈ એક સ્ત્રીને પોતાના અંગત જીવનમાં કોઈ પ્રશ્ન ઉભો થાય અને જયારે તેણી કાયદાની અજ્ઞાન છે ત્યારે તેણી સખત મૂંઝવણ અનુભવે છે. એક મા ને એક દીકરીની આટલી બધી યાદ આવે તો તે દીકરી કયાં છે? દીકરી સુનીલાથી છૂટી કેવી રીતે પડી છે? સુનીલાના પતિ કયાં છે?

સુનીલાની વિગતે વાત જોઈએ તો, રાજકોટ જીલ્લાના કોઈ એક નાના ગામમાં તેના પિતા ખેડીવાડી ધરાવે છે અને સુનીલાના લગ્ન રાજકોટ મુકામે વિરલ સાથે થાય છે. પ્રથમ થોડો સમય પતિ-પત્ની રાજકોટમાં સાથે રહે છે અને વિરલને વેપાર વિકસાવવાનો ખૂબ શોખ છે. વિરલ વેપારનો નિષ્ણાંત પણ છે. રાજકોટથી મુંબઈ વેપાર અર્થે જાય છે. ત્યાર બાદ સુનિલાને પણ મુંબઈ બોલાવે છે. મુંબઈમાં સોની કામના વ્યવસાયમાં વધારે ને વધારે ખુંપતો જાય છે. પૈસા કમાવવાનો નશો એ વ્યક્તિને જયારે ચઢે ત્યારે પ્રાપ્ત થયેલ સંપત્તિનો સંતોષ નહીં માનતા ઉત્તરોત્તર પ્રગતિ અંગે જ વિચારે છે તે સમાજની કડવી વાસ્તવિકતા છે. વિરલ ભારત દેશ છોડીને દુબઈ જાય છે, પોતાની પત્નીને પણ ત્યાં બોલાવે છે.

સુનીલા પોતે દુબઈ ગઈ તે દિવસને યાદ કરતાં ખૂબ જ રોમાંચિત થઈ જાય છે. જિંદગીના કેટકેટલા સપનાઓ લઈને સુનિલા વિરલ પાસે દુબઈ પહોંચે છે. વિરલના ભાઈઓ અગાઉથી જ દુબઈમાં સ્થાયી થયેલા છે અને વિરલના માતા પણ દુબઈ જ છે, આમ આખો પરિવાર ખુબ આનંદથી જીવન પસાર કરી રહેલ છે. સુનિલા અને વિરલને ત્યાં દીકરીની સારસંભાળ તેમજ મોટી કરવામાં સંપૂર્ણ પોતાની જાતને વિસરી જાય છે. કદાચ તેના જીવનનો આ સુવર્ણકાળ છે. સુનીલાને લાગે છે કે પોતે જીવનમાં ખુબ ખુશ નસીબ છે. હા, એટલું ચોક્કસ કે વિરલ શું કામ કરે છે, વિરલ કયાં જાય છે, વિરલ બધા પૈસાની વ્યવસ્થા કેમ કરે છે તે કશું જ પૂછવાનો સુનિલાને અધિકાર નથી. પતિ-પત્નીનું એકબીજાથી માહિતીગાર ન રહેવું તે જ જગ્યાએથી લગ્ન વિષયક તકરારનું મૂળ ઊભું થાય છે. વળી, વિરલ તો પૈસા કમાવવાની દોટમાં એટલો બધો વ્યસ્ત છે કે પતિ-પત્ની કોઈ જ સાહજીક સંવાદો થતા નથી. જો વિવાદ ન થવા દેવો હોય તો જીવનમાં સંવાદ આવશ્યક છે. સુનિલા તો શરૂઆતમાં દીકરીમાં તનમય થઈ ગયેલ છે પરંતુ ધીમે ધીમે જીવનમાં કયાંક ખાલીપો અનુભવે છે. દેખીતી રીતે જોઈએ તો કોઈ જ દુઃખ કહી શકાય નહીં પરંતુ પતિનું સતત બહાર રહેવું, પતિ સાથે કોઈ વાર્તાલાપ નહીં, કોઈ વાતચીત નહીં, આ બધી બાબતો મનને ખુંચ્યા કરે છે. પારકે પરદેશ આવી બાબતો કોને કહેવી? અલબત્, સુનિતાના સાસુ, નણંદ વગેરે આજુબાજુમાં જ રહે છે પરંતુ એ લોકો વિરલનું સતત બહારનું રહેવું એ ખૂબ જ સાહજીક બાબત ગણે છે. વ્યક્તિ પોતે એકલતા અનુભવે અને એ એકલતાને આધારે સતત મૂંઝવણ થાય એ બહુ જ સ્વાભાવિક છે અને તેથી જ અમો કાનૂની સાક્ષરતા અભિયાનમાં હંમેશા કહીએ છીએ 'એકલા મૂંઝાવું નહી' જયારે પણ ખૂબ જ એકલતા લાગે ત્યારે પોતાની મા, ભાઈ, બહેન, મિત્ર કે જેને પણ આપણે અંગત સ્વજન ગણતા હોઈએ તેની પાસે જાતને વ્યક્ત કરી દેવી. સાથે સાથે એ પણ જરૂરી છે કે કોઈ વ્યક્તિ આપણી પાસે પોતાની વાત રજૂ કરે ત્યારે તેનો સધીયારો બનવું જોઈએ. સુનિલાને આવી વાત કોઈ સાંભળે તેવો કોઈ સધીયારો પ્રાપ્ત થતો નથી, છતાં સુનિલ ધરીજવાળી છે, તેણીને અમે છેક પતિ થોડા વર્ષો કામમાં રહેશે પછી તો સુનિલ અને વિરલ જ સાથે રહેશેને? દિકરીને શાળાએ ભણવા બેસાડેલ છે અને રોજિંદી ઘટમાળ ચાલ્યા કરે છે.

વિરલ આમ તો રોજ રાત્રે મોડો આવે, કયારેક એક કે બે દિવસ ન પણ આવે, પરંતુ વિરલ અઠવાડિયા સુધી ઘરે આવતો નથી. સુનિલાની ધીરજનો અંત આવે છે. તેણી વિરલની ઓફિસે તપાસ કરવા જવાની હિંમત કરે છે. વિરલ ત્યાં મળી આવતો નથી. જયારે સુનિલા અકળાઈ છે ત્યારે વાતો વાતથી તપાસને અંતે જાણવા મળે છે કે વિરલ પોલીસમાં પકડાઈ ગયો છે અને જેલમાં છે. વિરલની રાહમાં થોડા દિવસો વ્યતિત થાય છે. સુનિલાના સાસુ અને નણંદ સુનિલાને કહે છે કે વિરલે પૈસાના ગોટાળા કરેલ છે અને વિરલના વેપારમાં તારૂ પણ નામ છે. સુનિલાને ભય પમાડે છે કે જો સુનિલા દુબઈમાં રહેશે તો સુનિલાને પણ પકડીને લઈ જશે. સુનિલા પહેલા તો ડરતી નથી પરંતુ ખરેખર તેણી આ બાબતે તપાસ કરવા માક્કમ નિર્ધાર કરે છે. જાણવા મળે છે કે વધુ પૈસા કમાવવાની બાબતે વધુ અને વધુ લોન લઈને, ઉછીના ઉધાર કરીને વિરલ મોટા દેવામાં ફસાઈ ગયેલ છે. સુનિલાને દિકરીને લઈને ભારત જતા રહેવાનું જણાવે છે. સુનિલા પાસે દુબઈથી ભારતની ટીકીટના પૈસા પણ નથી. પરદેશમાં અનેક સ્ત્રીઓએ કદાચ આ પ્રકારની વિટંમણાનો સામનો કરવો પડ્યો હશે. સુનિલાનો ભાઈ ટીકીટના પૈસાની વ્યવસ્થા કરે છે અને સુનિલા ભારત આવે છે. સુનિલા પોતાની દિકરી સાથે પહેલા રાજકોટમાં રહેવા આવે છે. સુનિલાને એમ આશા છે કે પોતાનો પતિ જયારે પણ દુબઈની જેલમાંથી છૂટશે ત્યારે ચોક્કસ સુનિલાનો સંપર્ક કરશે. દિવસો વિતતા જાય છે. વિરલ તરફથી કોઈ જવાબ આવતો નથી. અચાનક સુનિલાના નણંદ દુબઈથી આવે છે.

સુનિલાના નણંદ સુનિલાને વાકેફ કરે છે કે હવે વિરલ જેલમાંથી છૂટી ગયો છે પરંતુ જ્યાં સુધી જે લોકો પાસેથી પૈસા લીધા છએ તેને પાછા આપે નહીં ત્યાં સુધી તે દુબઈ છોડી શકે નહીં. સુનિલાના નણંદ રીટબેન સુનિલાને સમજાવે છે કે પોતે દિકરીને એક બે મહિના ફરવા માટે દુબઈ લઈ જાય જેથી દિકરી રાગી પિતાના પ્રેમથી વંચિત ન રહે. સુનિલા અને તેના નણંદને એમ કોઈ મોટી અણબનાવ કોઈ દિવસ થયેલ નથી તેથી સુનિલા રીટાબેનની વાતમાં આવી જાય છે. આમ તો સુનિલાનો પોતાની દિકરીને છોડતા જીવ ચાલતો નથી. પરંતુ રીટાબેન સુનિલા પાસેથી એમ છેતરપીંડી કરીને દિકરીને લઈને દુબઈ જાય છે. રીટાબેન દુબઈ ગયા બાદ સુનિલાનો પતિ વિરલ અને દિકરી રાગી સુનિલા સાથે વાત પણ કરે છે. વિરલ સુનિલાને પોતાની મુશ્કેલીઓ જણાવે છે પરંતુ સુનિલાને હંમેશા એમ થાય છે કે શું વિરલ સાચુ બોલતો હશે? દિવસો વિતતા વિરલના અને દિકરીના ફોન અઠવાડિયે અને કયારેક મહિના પછી પણ આવે છે, તો વળી કયારેક બે માસ સુધી કોઈના કોઈ સમાચાર નથી. સુનિલાને પોતાની દિકરી સતત યાદ આવે છે. સુનિલા પતિ અને નણંદને વિનંતી કરે છે કે જો દિકરીને ભારત મોકલી આપે તો સુનિલા મનની બેચેની દૂર થાય. વળી, દિકરી નાની પણ બહુ છે. રીટાબેન ઉધ્ધત ભાષામાં જવાબો આપે છે અને વિરલ તો એમ પણ જણાવી દે છે કે 'થાય તે કરી લે દિકરી નહીં મળે.' સુનિલાને પાછી મનની મૂંઝવણ શરૂ થાય છે. સુનિલાને દુરની બહેન મારફત જાણવા મળે છે કે દિકરી રાગીએ નણંદ પાસે જ છે અને રીટાબેન રાગીને ખૂબ હેરાન કરે છે. સુનિલાને એમ થાય છે કે દિકરી રાગીના માતા અને પિતા બંને હયાત છે છતાં તે દિકરી માતા અને પિતાના પ્રેમથી વંચિત કેમ રહે?

સુનિલા પોતાની દિકરીને કઈ રીતે મળી શકે? દિકરી તો દુબઈ છે અને સુનિલા કોઈ એવી આર્થિક તાકાતવાળી નથી કે પોતે દુબઈ પહોંચી જાય. વળી, વિરલ અને તેના પૈસાના ગોટાળાનો ભય તો ખરો જ. આ બધી જ વાતો વચ્ચે સુનિલાને સતત પોતાની દિકરી યાદ આવે છે અને તેના મગજમાં અને તેણીની પોતાની દિકરી જ સપનામાં આવે છે તેવું સતત દોહરાવ્યા કરે છે.

સુનિલાને ઉભી થયેલ મૂંઝવણ સંદર્ભે સુનિલા છેવટે કાયદાનો આશરો લે છે? સુનિલા 'ગાર્ડીયન એન્ડ વોર્ડઝ એકટ' અંતર્ગત પોતાની દિકરીનો કબજો લઈ શકે?

ગાર્ડીયન એન્ડ વોર્ડઝ એકટ અંતર્ગત બાળકોનું વાલીપણું અને કબજો એ વિષય શું છે? કેવા સંજોગોમાં આ પ્રકારની અરજી અદાલતમાં દાખલ થઈ શકે છે? વિષય સાથે મળીએ આવતે અંકે...